શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

## નૂતનવર્ષાભિનંદન


ઓક્ટો.નવે.ડિસે.-૨૦૨૦   અંક - ૧૧-૧૨   વર્ષ ૫૮   સળંગઅંક : ૪૮૦
માસિક કિંમત-૧૦   વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી   સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com   Web site : www. pancholisamaj.org

॥ જયશ્રી ગુરૂદેવ દત્ત ॥

**સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષના અભિનંદન**

તમારે આંગણે પડતા રહે શ્રી લક્ષ્મીજીના પગલાં...
વહે ઝરણાં ઉમંગ, ઉલ્લાસના અને થતાં રહે સમૃધ્ધિના ઢગલાં....
નવુ વર્ષ..... રહો તંદુરસ્ત... વિતે સરસ



**સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી**
જન્મ : ૧૭.૦૪.૧૯૧૮, ચૈત્રસુદ સાતમ, ગુરૂવાર
સ્વર્ગવાસ : ૦૪.૦૧.૧૯૯૮, પોષ સુદ સાતમ, રવિવાર

**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**
જન્મ : ૨૪.૧૧.૧૯૨૦, કારતકસુદ ૧૩/૧૪, બુધવાર
સ્વર્ગવાસ : ૦૭.૦૬.૨૦૧૨, જેઠવદ ૪, ગુરૂવાર

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના, પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી, આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા... પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા અમો સહુને શકિત અર્પે

## અર્પણકર્તા

પનસભાઈ વિ. પંચોલી –Mo. 94287 09987
સ્વ. ઠાકોરભાઈ વિ. પંચોલી –Mo. 99989 67527
ચેતનભાઈ વિ. પંચોલી –Mo. 94268 01911
ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી–Mo. 94291 48877
પ્રવિણભાઈ વિ. પંચોલી –Mo. 99252 13103
પુષ્પકાંત વિ. પંચોલી –Mo. 94273 97799

સ્વ. રમીલાબેન પી. પંચોલી
ગં.સ્વ. જયોતિષબેન ટી. પંચોલી
જયોતિબેન સી. પંચોલી
જયશ્રીબેન બી. પંચોલી
મમતાબેન પી. પંચોલી
ભાવનાબેન પી. પંચોલી

નિખિલ-ગાયત્રી, વિરલ-મોનિકા, ધવલ-અમિષા, કેયૂર-ડો. મૌતિકા, કંદર્પ-જીગીશા,
પ્રતિક-વૈશાલી, નિષદ-નેહલ, ચાર્વી, મનન (BE Electrical)
તથા જન્મેજય-ઈશા-શિવાંગ-રીયા-દર્શીલ-જવલીન-અજેન તથા સમસ્ત પરિવારજનો

**રાજપીપલા**




Name : **Gaurav**
Father : Kamleshbhai Manilal Pancholi
Mother : Jyotiben Kamleshbhai Pancholi
Mo. :95742 08172
Birth Date : 01-09-1993 Time : 6.12 am
Place : Rajpipla Hight : 5'-8"
Education : Batchler Comp.Sci. Engg.
Occupation : Team Leader@Collabera
Address : 5, Shrinatjkunj Soc., B/h. Nageshwar Temple, Harni Road, Vadodara
Manglik : No Manglik
Contact : 79906 52391

## સાવધાન....

**કોરોના ના કેસ વધી રહ્યા છે..**


**માસ્ક એજ વેક્શીન**






# શ્રધ્ધાંજલી





## સ્વ. બિપીનચંદ્ર છગનલાલ ઝવેરી

જન્મ : તા. ૬.૩.૧૯૪૬ સ્વ.તા. ૨.૧૦.૨૦૨૦

વિશ્વની સમગ્ર સમૃધ્ધિ મળે પણ
તમારી અમીમય પ્રેમધારા ક્યાંય ન મળે...
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને
પરમશાંતિ અર્પે એવી
પ્રભુપ્રાર્થના

**અર્પણકર્તા**

ગં.સ્વ. ઉષાબેન બિપીનચંદ્ર ઝવેરી
શ્રીયુત વિશાલ બિપીનચંદ્ર ઝવેરી
શ્રીમતિ કાશ્મીરા વિશાલ ઝવેરી
ચિ. ક્રિષા – ચિ. જૈનિલ
શ્રીયુત હેતલ બિપીનચંદ્ર ઝવેરી
શ્રીમતિ ભૂમિકા હેતલ ઝવેરી
ચિ. મહેક
સ્વ. છગનલાલ મોતીરામ ઝવેરી
સમસ્ત પરિવાર

આગમ હાઈટ્સ, રોઝ–૨, ફ્લેટ નં. ૧૦૦૩,
ભીમરાડ ચેક પોસ્ટ પાસે, અલથાણ

# શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારાને
# રૂા. ૧,૧૧,૧૧૧/- મેડીકલ વ્યાજ વપરાશ ફંડમાં
# માતબર દાન મળ્યુ.






**કૈવલધામ વાસી**
**અ.સૌ. નિર્મળાબેન અમ્રતલાલ વલ્લભભાઈ પંચોલી**
**કૈવલધામ વાસ : તા. ૧૨.૦૬.૨૦૨૦**

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે...
હરપલ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
કયારેક કહેવાયેલી વાતોના ભણકાર વાગ્યા કરે છે...
અને આપની ઓટ અમને સદાય લાગ્યા કરશે....
પ્રભુ આપના આત્માને કૈવલધામનું સુખ આપે એજ
અમારી સર્વેની પ્રાર્થના....

## અર્પણકર્તા

**અમ્રતલાલ વલ્લભભાઈ પંચોલી**
**યતીન અમ્રતલાલ પંચોલી-USA**
**કાનન પંચોલી -UK**
**નિશા પંચોલી**
**જયોત્સના પંચોલી-UK**
**શશીકાંત પંચોલી-UK**
**કલ્પના પંચોલી-UK**
**રજનીકાંત પંચોલી-UK**
**મેઈનરોડ, ગોલવાડ, વ્યારા**

# શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ



**સ્વ. ઈશ્વરલાલ ત્રિભોવનદાસ ગજ્જર** **સ્વ. હસુમતીબેન ઈશ્વરલાલ ગજ્જર**

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ પંચ હર્ષની લાગણી અનુભવે છે.. સુરતના ગજ્જર પરિવાર દ્વારા તેઓના માતાશ્રી **સ્વ. હસુમતીબેન** તથા પિતાશ્રી **સ્વ. ઈશ્વરલાલ ત્રિભોવનદાસ ગજ્જર** ના સ્મરણાર્થે સુરત પંચને વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/-ની રકમ વિદ્યા સહાય માટે દાન આપવાનું નક્કી કરેલ છે.
આ દાન સુરત પંચના સભ્ય એવા વિદ્યાર્થીઓ કે જેઓ નાણાંકીય ખેંચને લીધે ધો. ૧૨ પછી હોશિયાર હોવા છતાં ઉચ્ચતર કે કુશળતાલક્ષી શિક્ષણ મેળવી શકતા નથી, તેમને હિંમત આપી આગળ વધવા માટે આ રકમનો વપરાશ કરવાનો રહેશે.. દાનનો સંપૂર્ણ વહીવટ જે તે સમયે પંચના હોદ્દેદારો તેમની આગવી સુઝબુઝથી કરી શકશે.
શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ, ગજ્જર પરિવારના વિદ્યાદાનના આ સંકલ્પને આવકારે છે અને તેઓનો હૃદયપૂર્વક આભાર માને છે...

**દાતાશ્રી**

**ગિરીશચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર** **હરીશચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર** **શિરીષચંદ્ર ઈશ્વરલાલ ગજ્જર**
**જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ પંચોલી**

**આભારી છીએ......**

**મુકેશ કનૈયાલાલ પંચોલી-પ્રમુખ** **ધવલ જયંતિલાલ પંચોલી-મંત્રીશ્રી**
**કમલેશ હસમુખલાલ ગજ્જર-ઉપપ્રમુખ** **નિલેશ જયંતિલાલ પંચોલી-સહમંત્રી**
**ઉમેશ ભોગીલાલ પંચોલી-ખજાનચી**
**ધર્મેશ અર્મતલાલ મહેતા-સહખજાનચી**
**હેમંત છગનલાલ મિસ્ત્રી-આઈ.પી.પી.** **અમૃતલાલ એન. મહેતા-વહીવટદાર**

**કારોબારી સભ્યો..**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## ઓકટો.-નવે.-ડિસે. ૨૦૨૦

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** રૂા. ૧૦/-
**વાર્ષિક લવાજમ** રૂા. ૧૦૦/-

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો.....

કુશળ હશો....

કોરોનાથી થંભી ગયેલ જનજીવન હવે ધીરે ધીરે રાબેતા મુજબ થવા માંડયું છે.. અને લોકો પણ આવી તકલીફ ભરેલી પરિસ્થિતિને ભુલીને તહેવારોની ઉજવણી કરતા થઇ ગયા છે.... સૌએ સરકારશ્રીના સુચનોને અમલમાં મુકી ગણેશોત્સવ, નવરાત્રી જેવા મોટા તહેવારો સાદાયથી અને ઘરમાં રહી કર્યા.. હવે દિવાળી પણ હિંદુ ધર્મનો મોટામાં મોટો પર્વ અને વર્ષનો અંતિમ દિવસ... પરિસ્થિતિને ધ્યાનમાં લઇ તહેવાને માણશો....

વર્ષ ૨૦૨૦માં કરોનાની કડવી યાદો અને પરિસ્થિતિને લઇને દિપોત્સવી અંક પ્રકાશિત કરવાનો વિચાર માંડવાળ કર્યો હતો, પરંતુ નવયુગના થોડા શુભચિંતકોએ જાહેરાતો મોકલી આપી આથી હવે વર્ષ ૨૦૨૧ના આગમન પ્રસંગે "Wellcome-2021" નો અંક પ્રકાશિત કરવાનં વિચાર્યુ છે. મારા આ વિચારને વધાવી લઇ દરેક જ્ઞાતિજનો શુભેચ્છા જાહેરાત આપવાની ઇચ્છા હોય તો તુરત મોકલી આપશો. અને આશા રાખું છું કે નવયુગના શુભચિંતકો નિરાશ નહીં જ કરે એવી આશા રાખું છું.

૨૦૨૦ના વર્ષમાં ચારેકોરેથી ઉપાધિ ઉપાધિ જ આવી છે. વધુ ઠંડી, સૌથી વધુ ગરમી, સૌથી વધુ વરસાદ, ભુકંપ, સુનામી, વાવાઝોડુ, ચીન-પાકિસ્તાન યુધ્ધનો પડકાર અને કોરોનાનો કહેર છતાંય આપણાં એ દિવસો પુરા થવા જ આવ્યા છે...

હવે ૨૦૨૧ના આગમન પ્રસંગે અને શુભ દિપાવલી પ્રસંગે સૌને નૂતનવર્ષાભિનંદન પાઠવું છં. સૌને માટે નવુ વર્ષ સુખદાયી-લાભદાયસ-યશસ્વી અને આરોગ્યપ્રદ નિવડે એવી શુભેચ્છાઓ પાઠવું છું..

દિનેશ એમ મિસ્ત્રી-નવયુગ તંત્રી
મલય ડી. મિસ્ત્રી - સહતંત્રી

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સે.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ સ-કુશળ હશો. એવી અપેક્ષા આ અંક મળશે ત્યાં સુધીમા સૌને ત્યાં દિવાળી આવી ગઇ હશે... આ દિવાળી સૌના જીવનમાં નવો ઉજાશ લઇને આવે અને હવે વૈશ્વીક મહામારીનો કોઇ સચોટ ઉપાઇ મળે એવી સમગ્ર વિશ્વને શુભેચ્છાઓ....

કોવીડ-૧૯ હવે લોકો ભુલવા લાગ્યા છે અને જનજીવન અમુક અંશે સામાન્ય થઇ રહ્યુ છે.. જે આનંદની વાત છે, પરંતુ સાથે સાથે એ પણ એટલીજ અગત્યની વાત છે કે હજી પણ કોરોનાનો કોઇ ચોકસ ઇલાજ, વેકસીન નથી આથી આત્મવિશ્વાસ સારો પણ અતિ આત્મવિશ્વાસ કે બેકાળજી આપણને ફરી જુની પરિસ્થિતિમાં મોકલી શકે છે.. આથી સૌને આગ્રહભરી વિનંતી છે કે જરૂરી કામ માટે બહાર જરૂર જાઓ પણ માસ્ક વિના બીલકુલ નહી.. અને વધુ લોકો/ભીડ વાળી જગ્યા પર જવાનું ચોકકસ ટાળો. અને જ્યાં સુધી કોરોનાની વેકસીન ના મળે ત્યાં સુધી સૌએ સાચવીને પુરતી કાળજી લઇ પોતાના કાર્યો કરવા વિનંતી.

આજની પરિસ્થિતિ જોતાં મહામંડળ પણ પોતાના કાર્યો ઓનલાઇન કરી રહ્યું છે. આજ સુધી આપણે બે વચ્યુઅલ મિટિંગો કરી જેમાં એક કારોબારી હતી અને કારોબારીએ લીધેલ નિર્ણય મુજબ પરિસ્થિતિ ના સુધરે તો સામાન્ય સભા પણ વચ્યુઅલ પ્લેટફોર્મ ઝુમ પર કરવાની વિચારણા છે..

અમોને મળેલ તમામ વિધવા સહાય તથા નિરાધાર સહાયની અરજીઓ કારોબારીમાં મંજુર કરવામાં આવી છે. તથા તમામ અરજકતાઓને આ અંક મળ્યા સુધીમાં તેઓની બેંકમાં સહાયની રકમ મળી જ ગઇ હશે. કારોબારી દરમ્યાન એવું સુચન હતું કે અરજકર્તા જે પણ હોય તમામને મદદ કરી જ દેવી જોઇએ.. ખૂબ જ સુંદર ભાવના, પરંતુ મહામંડળના હોદ્દેદારો તમામ સભ્યોને અંગત રીતે ઓળખતા હોતા નથી એટલે આપણે એવી સીસ્ટમ ગોઠવી છે કે જે તે એકમના હોદ્દેદારો કે મહામંડળના હોદ્દેદારો ભલામણ કરે એટલે અરજદાર જરૂરીઆતમંદ છે એમ માનવુ, આ પરિસ્થિતિમાં ભલામણકર્તાની જવાબદારી ખૂબ જ વધી જાય છે. આપણી પાસે ભંડોળ સિમિત છે અને તેના વ્યાજમાંથી મદદ કરવાની છે.. મહામંડળ વર્ષોથી મોટુ મન રાખી વિધવા સહાયના ભંડોળના વ્યાજની આવક કરતા વધુ રકમની મદદ કરતુ આવ્યુ છે, અને એમાં છેલ્લા વર્ષોથી એલ.સી.સોશ્યલ ગ્રુપ થોડી મદદ કરતુ આવ્યુ છે. અમારી સૌને વિનંતી છે જેઓને જરૂરીઆત હોય તેઓ ચોકકસ અરજી કરે પણ જેઓને ચાલે એમ હોય તો આ લાભ અન્ય જરૂરીઆતમંદને આપીએ... અરજી ફોર્મ પર સહી કરતી વખતે પણ આટલું ધ્યાન તો રાખી જ શકાય...

તંત્રીશ્રી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ જાન્યુઆરીમાં દિપોત્સવી અંક પ્રકાશિત કરવાની ગણત્રી રાખે છે.. તો આપની શુભેચ્છા જાહેરાત તંત્રીશ્રીને મોકલી આપવા વિનંતી છે..

જે જે એકમોની ફી બાકી છે તેઓને આ સામાન્ય ફી ભરી મહામંડળના રેકર્ડ અપડેટ કરવામાં મદદ કરવા હાર્દિક અપીલ છે. નાના એકમો આમાં આગળ છે, જેમાં અંકલેશ્વર, નવસારી, ગણદેવી, બીલીમોરા, પાનવડ, બારડોલી તો મુંબઇ-સુરતે પણ પોતાની ફી અને સભ્યોના લીસ્ટ આપી દીધા છે.. બાકીના એકમોની ફી પણ જલ્દીથી મળી જશે એવી અપેક્ષા..

બસ ફરી મળીએ ત્યં સુધી સૌ પોતાની પહેલા અને પાડોશી, સગાવ્હાલાની સંભાળ રાખતા રહેશો..

અંતમાં શ્રી એ.પી. પંચોલી તરફથી મળેલ કવોટ

**પરિસ્થિતિ આપણને સાચવી લે**
**એ આપણું નસીબ**
**પણ પરિસ્થિતિને આપણે સાચવી લઇએ...**
**એ આપણી સમજણ**

અસ્તુ

# Happy New Year.....Jai Swaminarayan

WITH BEST COMPLIMENTS FROM:



KAUSHIKKUMAR K PANCHOLI
ARUNABEN K PANCHOLI
VIPULKUAMR K PANCHOLI
JYOTIBEN V PANCHOLI
MANAN V .PANCHOLI
BHAVINKUMAR K PANCHOLI
ARPITABEN B PANCHOLI
VIHAAN B PANCHOLI

M/S.
SHREE ENTERPRISE
SHREE PETRO - CHEM
SHREE LUB OIL DISTRIBUTORS
SHREE LUB INFRATECH

(R) 202, YAMUNA ARCADE, GREEN VALLEY ROAD, ADAJAN ,SURAT 395009


# તેજસ્વી તારલાઓ જોગ

**નેટ પરથી લીધેલ માર્કસીટ પણ મોકલી શકાશે**

વોટસઅપ, ઈમેલ કે પોસ્ટ દ્વારા માર્કસીટ મોકલવી નહી...
વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં
લેવામાં આવશે નહીં...જેની નોંધ લેવી
માર્કસીટ કુરીયર દ્વારા જ મોકલવી...

**આપની માર્કસીટ ફોટા સાથે મોકલવાની છેલ્લી તારીખ ૧૦ ડિસેમ્બર-૨૦૨૦**

S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ડો. બેંક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

તેજસ્વી તારલાઓના ફોટોગ્રાફસ
જાન્યુઆરી-૨૦૨૧માં પ્રકાશિત થનાર વેલકમ-૨૦૨૧ અંકમાં
છાપવામાં આવશે... જેની નોંધ લેવા વિનંતી..

# મહામંત્રી નોંધ

-નિશીકાંત મિસ્ત્રી
માનદ મહામંત્રી.



આત્મીય સ્નેહીજનો, મિત્રો, વડીલો, જ્ઞાતિજનો,તથા વ્હાલા ભૂલકાઓ -

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી અને તેની સાથે જોડાયેલ તહેવારો આવી રહ્યા છે. દર વર્ષે દિવાળીના દિવસે પહેલા જમા -ઉધાર પાસુ અને વેપારીઓ પોતાના ચોપડા વ્યવસ્થિત કરતા, વર્ષ ૨૦૧૯ ની શરૂઆત ના બે માસ પછી આખી દુનિયામાં કોવીડ-૧૯ નો કહેર વ્યાપી ગયો અને કુદરતે પોતાનું ચક્ર જાણે થંભાવી દીધું , નાના હતા ત્યારે સ્ટોપ ની રમત રમતા, દરેક ખેલાડી જ્યાં હોય ત્યાં જે તે પોઝિશન માં રહે તે જ રીતે બધા સ્ટોપ ની રમત રમતાં ખેલાડી બની રહ્યા. આ વર્ષે તો અધિક પુરુશોત્તમ માસ પણ હતો. આ મહામારીએ જીવનના દરેક તથ્યો સમજાવી દીધા અને ઘણા રીતિ રિવાજ પણ બદલાવી નાખ્યા ,પહેલા, આનંદમાં ખુશી અને દુઃખમાં સહિયારો આપવા રૂબરૂ જતા તેના બદલે ટેલિફોનિક થઇ ગયું . લગભગ બધાએ જ પોતાની રીતે ફોન ઉપર જુના સંબંધ શરુ કર્યા.

આ મહામારીથી ,એક જ સમયે હજારો કિલોમીટર દૂર દૂર રહેલ વ્યક્તિ ગ્રુપમાં વાત કરી શકે અને મંદિર માં બિરાજેલ પ્રભુના દર્શન કરી શકે, મિટિંગ, કંપની તથા સંસ્થાઓની વાર્ષિક સભા પણ વર્ચુંઅલ થવા લાગી. તેના લીધે માનવ કલાક નો બચાવ અને ખર્ચ ઓછો થયો .

દરેક પ્રસંગ આપણી ઈચ્છા મુજબ થતા નથી અને આવતા નથી પણ કઇંક તો સારું પરિણામ આવતું જ હોય છે.

આ મહામારીએ ઘણા કુટુંબમાં કહેર બતાવ્યો છે, અને શારીરિક માનસિક અને આર્થિક તકલીફ પણ આપી છે,આ બધામાં મેડિકલ સાયન્સ અને એની સંલગ્ન સાથે જોડાયેલ દરેક વ્યક્તિએ પોતાની ફરજ પરસ્તી નિભાવી તે બદલ તે તમામ વ્યક્તિનો આદર -સન્માન ,આભાર વ્યક્ત કરીએ તે ઓછું છે.

આપણા સમાજ ના પણ આવી દરેક વ્યક્તિને સલામ અને આદર.

ઘણા એકમો એ આ પરિસ્થિતિમાં પોતાના જ્ઞાતિજનો નું ધ્યાન રાખી તેમને થોડી ઓછી તકલીફ પડે તે રીતે મદદ પણ કરી છે તે સર્વના કાર્ય ને બિરદાવી તેમને અભિનંદન.

નવા બંધારણમાં સુધારા મુજબ દરેક એકમ પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ કુટુંબ દીઠ લિસ્ટ બનાવીને મહામંડળને મોકલવાનું અને સાથે કુટુંબ દીઠ રૂપિયા ૨૦.૦૦ જમા કરાવવાના રહેશે.

મને જણાવતા આનંદ થાય છે કે ગણદેવી, સુરત, મુંબઇ, બારડોલી, પાનવડ, અંકલેશ્વર, નવસારી એકમથી આ બાબતની શરૂઆત થઇ ગઇ છે તો દરેક એકમના પ્રમુખ મંત્રીશ્રીને વિનંતી કે તમો પણ સત્વરે આ કાર્ય હાથ ઉપર લઇ પૂર્ણ કરશો. કુટુંબના મુખ્ય સભ્યનું નામ અને કોંટેક્ટ નંબર તથા તે કુટુંબમાં નાના-મોટા કુલ સભ્યોની સંખ્યા તે વ્યવસ્થિત ક્રમાનુસાર લખશો તો ડેટા સાચવવાનું સહેલું રહેશે.

આ વર્ષે કોવીડ-1 9 ના કારણે વિવિધ સહાયના ફોર્મ સ્વીકારવાની તારીખ લંબાવવામાં આવી હતી. કારોબારી મિટિંગ વર્ચ્યુઅલ કરવામાં આવી હતી,વિધવા સહાય માટે 18 એકમ માંથી 56 અરજી, તેમજ આર્થિક, નિરાધાર,વિકલાંગ સહાય માટે 11 એકમમાંથી 20 અરજી આવેલ તે તમામ અરજીનો સ્વીકાર કરીને તે કરનારને સહાય આપવાનું હોદ્દેદારો તથા કમિટી મેમ્બર્સ દ્વારા સર્વાનુમતે નક્કી કરવામા આવેલ હતું .

આપણાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સમાજની પરંપરા મુજબ દિવાળીના પર્વ નિમિત્તે સ્વ. ચંચળબેન ( ભીખીબેન ) ખુશાલદાસ પંચોલી -ચીખલી,માતૃ-પિતૃ પૂજન ફંડ તથા અન્ય નામી દાતાઓના દાનના વ્યાજ વપરાશમાંથી,ઘણી વિધવા બેનોની વિનંતીને માન આપી સાડીની કિંમત જેટલી રકમ રૂપિયા 300.00 સહાયમાં ઉમેરી સહાય આપવામાં આવી છે. આર્થિક નિરાધાર માટે પણ રૂપિયા 300.00 પેન્ટ - શર્ટ પીસ ના સહાયમાં ઉમેરી સહાય આપવામાં આવી છે. અરજદારે જણાવેલ તેમના બેન્કના ખાતામાં રકમ 7-11-2020 પહેલાં જમા કરાવેલ છે .

દરેક એકમ પોતાની ક્ષમતા મુજબ નું યોગ્ય કાર્ય કરતા જ રહે છે અને યુવાનોને વધુ પ્રેરણા દાયક કાર્ય થાય તેવી ખેવના છે.

યુવાનો સોસીયલ મીડિયાનો પણ યોગ્ય રીતે ઉપયોગ કરી બીજાને મદદગાર બનશો.મહામંડળમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ માટે આજ દિન સુધીમાં જે દાતાઓએ સ્વેચ્છાએ પોતાનાથી થતી, યથા યોગ્ય દાનની સરવાણી વહેડાવી છે તે સર્વે નામી અનામી નાના મોટા દાનવીરો તથા તે માટે પ્રેરિત કરનાર સભ્યો / કાર્યકર્તાઓનો પણ આ પળે આ સ્થાને થી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

<u>કોઈપણ સોસીયલ મીડિયા (સામાજિક નેટ વર્ક ઉપર) મારફતે આવેલ રજૂઆતને પ્રાધાન્ય આપવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેશોજી.</u>

શુભ દિવાળી તથા નવવર્ષ પર્વ ના શુભારંભે, પ્રભુને એજ પ્રાર્થના કે 'સર્વ માનવ જાતને જે આપત્તિ આવી છે, તેમાંથી શાંતિથી સમૃધ્ધ તંદુરસ્ત અને સુખરૂપ રીતે જીવન માણે તેવી તારી કૃપા રહે, અમને સંપૂર્ણ રીતે સફળતા પ્રાપ્ત થાય તેવા તારા સદા દશે દિશામાંથી આશીર્વાદ રહે- સર્વનું શુભ મંગળ થાઓ.'

એ જ શુભેચ્છા.

ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः,, सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख भाग्भवेत्।,

# અનુકરણિય







વ્યારા કાનપુરા નિવાસી બિપીનચંદ્ર જમનાદાસ પંચોલી તરફથી એમના ધર્મપત્ની
સ્વ. **અ.સૌ. નયનાબેન બિપીનચંદ્ર પંચોલી**
ના સ્મરણાર્થે રૂા. ૫,૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વિધવા સહાયમાં અને રૂા. ૫,૦૦૦/- પંચોલી નવયુગને ભેટ મળ્યા છે....
દાતાશ્રીનો ખૂબ ખબ આભાર

જબુગામ નિવાસી ગં.સ્વ. રસીલાબેન વિનોદચંદ્ર પંચોલી અને પરિવાર તરફથી
**સ્વ. વિનોદચંદ્ર(લાલાભાઈ) રમણલાલ પંચોલી**
ના સ્મરણાર્થે રૂા. ૫,૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વિધવા સહાયમાં ભેટ મળ્યા છે.... તથા પંચોલી નવયુગ ને રૂા. ૧૫,૫૫૫/- નવયુગ શુભેચ્છક તરીકે મળ્યા છે...
દાતાશ્રીનો ખૂબ ખબ આભાર

# હેપી બર્થડે..



ચિ. દર્શીવ મૌલિકકુમાર
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૧૩.૧૦.૨૦૧૯



ચિ. આરવ નિલકુમાર
મિસ્ત્રી-બારડોલી
તા. ૧૬.૧૦.૨૦૧૯



ચિ. રૂહી સંજયકુમાર
તા. પંચોલી-અંકલેશ્વર
તા. ૨૧.૧૦.૨૦૧૭

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ શ્રી વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ

# વેલકમ-૨૦૨૧ અંક

| | | | | |
|---|---|---|---|---|
| ☐ દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | | ☐ મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | | ☐ બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | | ☐ ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | | ☐ ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................

(૨)............................................ (૩) ............................................

(૪)............................................ (૫) ............................................

(૬)............................................ (૭) ............................................

(૮)............................................ (૯) ............................................

સરનામુ : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

પીન .............................. ફોન : (ઘર)..............................(ઓ)..............................

મોબાઇલ ..........................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૫.૧૨.૨૦૨૦ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

પંચોલી નવયુગ શુભચિંતક
શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી વડોદરા શ્રી મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ પંચોલી વડોદરા

# મહિલા સમાચાર

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

અંકલેશ્વર મહિલા મંડળની મિટિંગ તા. ૧૫.૦૮.૨૦૨૦ના રોજ બપોરે ૪.૦૦ કલાકે વોટસએપ ગ્રુપ દ્વારા કરવામાં આવી. પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેને ડિકલેર કર્યા મુજબ અલગ અલગ વસ્તુઓમાંથી ત્રિરંગો ઝંડો બનાવી ગ્રુપ પર ફોટા મુકવાનું નક્કી કર્યા મુજબ દરેક સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઈ ભાતભાતના વસ્તુઓમાં ત્રિરંગો બનાવી મુકયા હતાં. ત્યારબાદ ઘરે અથવા ગાર્ડનમાં વૃક્ષારોપણ કરી વોટસએપ પર ફોટા મુકયા....

આ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરી વોટસએપ દ્વારા વીશ કરવામાં આવી. અંતમાં આભાર માનવામાં આવ્યો..

તા. ૧૯.૦૯.૨૦૨૦ના રોજ બપોરે ૪.૦૦ કલાકે અંકલેશ્વર મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેને ડિકલેર કર્યા મુજબ 'રવાની સુંદર વાનગી બનાવી ડેકોરેશન કરી વોટસએપ પર ફોટા મુકવાના હતા. સૌ બહેનોએ સુદર વાનગી બનાવી ફોટા બનાવી મુકયા હતા. ભાગ લેનાર દરેકને મહિલા મંડળ તરફથી આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા હતા. આ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરી વોટસએપ દ્વારા વીશ કરવામાં આવી. અંતમાં આભાર માનવામાં આવ્યો..

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

ઓકટોબરમાસની મિટિંગ ઓનલાઇન રાખવામાં આવી હતી. જેમાં ગાંધી જયંતિ નિમિત્તે બહેનોએ ઓનલાઇન ચર્ચા કરી હતી અને સપ્ટેમ્બર મહિનાની સ્પર્ધામાં દુધમાંથી બનાવવાની વાનગી અંગેની ચર્ચા કરવામાં આવી. દુધમાંથી બહેનોએ અવનવી વાનગી બનાવી હતી જેના વિજેતા પ્રથમ : બેલાબેન મનિષભાઇ પંચોલી-દુધ કેક, દ્વિતીય : સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી-કોરોના બુસ્ટર, તૃતીય પ્રવિણાબેન ભૂપેન્દ્રભાઇ ગાંધી-દુધપાક..

ત્યારબાદ વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં આજનો મહત્વનો ટોપીક 'ભારત એક આત્મનિર્ભર દેશ'લેવામાં આવ્યો હતો. જેમાં બહેનોએ ભારતીય વસ્તુ અપનાવવાની પહેલ કરી હતી.. અને LOCAL IS VOCAL નું સુત્ર આપ્યુ હતું. આ સ્પર્ધામાં ત્રણ બહેનોએ ભાગ લીધો હતો. અને બેલાબેન મનિષભાઇ પંચોલી વિજેતા થયા હતાં. સ્પર્ધકોનો આભાર વ્યકત કરી વિજેતા બહેનોને અભિનંદન આપી મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરી હતી.

૧૦૧ અલ્પાબેન નિલેશભાઇ પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે મળ્યા.

ઓકટોબર માસમાં નવરાત્રી નિમિત્તે માટલી ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે હિનાબેન ભટ્ટે સેવા આપી હતી. જેમાં પ્રથમ : પદમાબેન હસમુખભાઇ પંચોલી, દ્વિતીય પૂજાબેન નરેશભાઇ પંચોલી. વિજેતા બહેનોને અભિનંદન પાઠવી પ્રમુખશ્રી રીનલબેને સૌને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી...

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની કારોબારી સભ્યોની ઓનલાઇન મિટિંગ તા. ૧૫.૦૯.૨૦૨૦ના રોજ નીમાબેન ડી પંચોલીને ત્યાં બપોરે ૨.૦૦ કલાક થી

૬.૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવી હતી.

નિમાબેન તરફથી શ્રાધ્ધપક્ષ નિમિત્તે તેમજ આપેલ પ્રોજેક્ટ અનુસાર દુધમાંથી વિવિધ વાનગી બનાવવાની હતી. સભ્યોએ પિતૃદેવોને યાદ કરી દુધમાંથી વિવિધ વાનગીઓ બનાવી હતી. અને જમવાની થાળી સાથે ડેકોરેશન કરી પિતૃદેવને અર્પણ કરવા વિવિધ કાગડા બનાવી રજુ કર્યા હતા. નિમાબેન તરફથી વિજેતા બહેનોના નામ પસંદ કરી રજુ કર્યા હતા. જેમાં પ્રથમ હર્ષાબેન, દ્વિતીય લીનાબેન અને તૃતીય શીલાબેન થયા હતાં.

વિજેતા બહેનોને અભિનંદન પાઠવી શુભરાત્રી કહી છુટા પડયા...



તેજસ્વીની મહિલા મંડળ-વડોદરાની ઓકટોબર માસની મિટિંગનું આયોજન બપોરે ૩ થી ૭.૩૦ દરમ્યાન ઓનલાઇન કરવામાં આવ્યું.

૨જી ઓકટોબર ગાંધી જયંતિને ધ્યાનમાં રાખી ગાંધીજીના ચિત્રો તેમજ તેમની વસ્તુઓને ધ્યાનમાં રાખી વિવિધ વસ્તુઓનો આગવી સુઝથી ઉપયોગ કરી સુદર રંગોળી બનાવી હતી. ઓનલાઇન દ્વારા ફોટાઓ મોકલ્યા હતા.

જયોત્સના બેને વિજેતા બહેનોના નામ પસંદ કરી પ્રથમ : આનંદીબેન, દ્વિતીય પ્રજ્ઞાબેન અને તૃતીય નિમાબેન અને નિતાબેન વિજેતા થયા હતાં. વિજેતા બહેનોને અભિનંદન પાઠવી છુટા પડયા.



તેજસ્વીની મહિલા મંડળ-વડોદરાની ઓકટોબર માસની મિટિંગનું આયોજન કારોબારી સભ્યો તથા તમામ સભ્યોની ઓનલાઇન મિટિંગ તા. ૨૩.૧૦.૨૦૨૦ના રોજ બપોરે ૪ થી ૮ દરમ્યાન રાખવામાં આવી હતી.

નવરાત્રી તહેવારની ઉજવણીના ભાગરૂપે તેમજ જણાવેલ પ્રોજેક્ટ અનુસાર તા. ૨૨.૧૦.૨૦૨૦ના રોજ આરતી થાળી ડેકોરેશન તથા માતાજીનો ગરબો તેમજ તા. ૨૩.૧૦.૨૦૨૦ના રોજ બેસ્ટ ચણીયા-ચોળી ડ્રેસ તેમજ ઓરનામેન્ટ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં કારોબારી સભ્યો અને તેજસ્વી મહિલા મંડળના સર્વે સભ્યોએ ભાગ લીધો હતો. આરતી થાળ ડેકોરેશનમાં બહેનોએ સુંદર સજાવટ કરી હતી. તા. ૨૩.૧૦.૨૦૨૦ના રોજ બેસ્ટ ચણીયા-ચોળી તેમજ બેસ્ટ ઓરનામેન્ટ સ્પર્ધામાં સૌએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે જયોત્સનાબેને સેવા આપી હતી. બન્ને કોમ્પીટીશનમાં ત્રણ ત્રણ ઇનામ જાહેર કર્યા હતાં. આરતી થાળી ડેકોરેશનમાં મેમ્બર્સ ઓફ તેજસ્વીની મહિલા મંડળમાં પ્રથમ બિનિતાબેન અને ક્રિષ્પાબેન, દ્વિતીય દિવ્યાબેન અને તૃતીય વિજેતા જયોત્સનાબેન થયા હતાં. તેજસ્વીની મહિલા મંડળમાં પ્રથમ વિજેતા નિકુંજબેન, દ્વિતીય શીલાબેન અને તૃતીય પ્રિતીબેન મપારા થયા હતાં. શીલાબેન પંચોલી તરફથી મેમ્બર્સ ઓફ તેજસ્વીનીમાં વધુ ત્રણ ઇનામો સ્પોન્સર કર્યા હતાં. જેમાં પ્રથમ જેસલબેન, દ્વિતીય શીલાબેન અને તૃતીય નિરૂબેન વિજેતા થયા હતાં.

બેસ્ટ ડ્રેસ અને ઓરનામેન્ટમાં મેમ્બર્સ ઓફ તેજસ્વીનીમાં પ્રથમ વિજેતા જેસલબેન, દ્વિતીય

જયમાલાબેન અને તૃતીય ક્રિષ્ણાબેન તથા તેજસ્વી મહિલા મંડળમાં પ્રથમ હર્ષાબેન, દ્વિતીય સુરેખાબેન અને તૃતીય વિજેતા જ્યોતિબેન એસ. થયા હતાં.

તેજસ્વીની મહિલા મંડળની બહનોએ ઓનલાઇન ગરબાનું આયોજન કરી બધી બહેનોએ સુંદર વસ્ત્રો પરીધાન કરી ગરબા ગાઇ આનંદ માણ્યો હતો..તેજસ્વીની મહિલા મંડળ અને મેમ્બર્સ ઓફ તેજસ્વીનીની તમામ બહેનોએ ઓનલાઇન કોમ્પીટીશનમાં ભાગ લઇ આનંદ વ્યકત કર્યો હતો. અંતમાં વિજેતા બહેનોને શુભેચ્છાઓ પાઠવી.

# દેવના દિધેલ



અંકલેશ્વર નિવાસી સંજયકુમાર પંચોલીને ત્યાં તા.૧૩.૧૦.૨૦૨૦ના રોજ પુત્રીરત્ન ચિ. મિષાનો જન્મ થયો.. માતા : જાગૃતીબેન

## પંચોલી સેવા સમાજ મહામંડળ


# વિધવા સહાય

સ્નેહી જનો શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ માં વર્ષ 2020માં વિધવા સહાય માટે 18 એકમ માંથી 56 અરજીઓ અને નિરાધાર આર્થિક વિકલાંગ માટે 11 એકમ માંથી 20 અરજીઓ આવેલ હતી. 02-11-2020 ના રોજ મળેલ કારોબારીની વર્ચુઅલ મિટિંગ માં સર્વ અરજી કરનારને સહાય આપવાનું હોદેદારો તથા કમિટી મેમ્બર્સ દ્વારા સર્વાનુમતે નક્કી કરવામા આવેલ હતું .વિધવા બેનો ની વિનંતીને માન આપીને, સાડી ની રકમ રૂપિયા 300.00 સહાયમાં ઉમેરી સહાય આપવામાં આવી છે . તે મુજબ દરેક સભ્ય ને તેમણે આપેલ બેન્ક ના ખાતામાં નક્કી કરેલ સહાય ની રકમ જમા કરવામાં આવેલ છે. વિગત આ સાથે જોડેલ છે.-

નિશીકાંત મિસ્ત્રી -મહામંત્રી શ્રી.પં. સે.સ. મ.

# એકવાર જાવુ હરિના ધામમાં

સીસોદરા નિવાસી જયંતીભાઇ સોમાભાઇ પંચોલી તા. ૦૫.૧૧. ૨૦૨૦ ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. : ૮૯






વડોદરા નિવાસી નલીનીબેન છોટાલાલ પંચોલી તા. ૧૮.૦૯.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા.



વ્યારા નિવાસી ચંદ્રકાંતભાઇ ડાહ્યાભાઇ પંચોલી તા. ૧૩.૧૧ .૨૦૨૦ના રોજ હરિના ધામમાં

વડોદરા નિવાસી સાકરલાલ ઇશ્વરલાલ પંચોલી તા. ૧૭.૧૧. ૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૮૮






પાવી જેતપુર નિવાસી નારણદાસ ગોરધનદાસ પંચોલી તા. ૨૧.૧૧.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા..

# એક વાર જાવુ હરીના ધામમાં




સુરત નિવાસી ધનલક્ષ્મીબેન જયંતિલાલ પંચોલી તા. ૩૦.૦૭.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા કાનપુરા નિવાસી હરકીશનભાઇ ગાંડાભાઇ પંચોલી તા. ૨૩.૦૯. ૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.




વ્યારા નિવાસી અ.સૌ. નયનાબેન બિપીનચંદ્ર પંચોલી તા. ૮.૧૦.૨૦૨૦ હરીના ધામમાં ગયા.



સુરત નિવાસી શ્રી બિપીનચંદ્ર છગનલાલ ઝવેરી તા. ૨.૦૮.૨૦૨૦ ના રોજ હરિના ધામમાં ગયા




સુરત નિવાસી મધુસુદન રમણલાલ પંચોલી તા. ૧૬.૧૦.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ-મીરારોડ નિવાસી શ્રી ઇશ્વરલાલ ઠાકોરભાઇ મિસ્ત્રી તા. ૧૬.૧૦.૨૦૨૦ રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૮



સુરત નિવાસી ચંદ્રકલાબેન નંદલાલભાઇ ગજ્જર તા. ૨૩. ૧૦.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



નવાપુર નિવાસી મધુબેન સુમનલાલ ગાંધી તા. ૮.૧૦.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા..




ઉનાઇ(હાલ નવસારી) નિવાસી અશોકભાઇ રણછોડભાઇ પંચોલી તા. ૨૨.૧૦.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી ચેતનાબેન ઉમેશભાઇ ગાંધી તા. ૦૧.૧૦. ૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી પદમાબેન ફાકોરદાસ પંચોલી તા. ૨૮.૦૯.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત નિવાસી ગં.સ્વ. નિર્મળાબેન ઉત્તમરામ મારફતીયા તા. ૦૪.૧૧. ૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર | શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

# નવા એકાઉન્ટ નંબર

## પંચોલી નવયુગનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા,અંકલેશ્વરમાં **ખાતા નંબર 02210100057495, IFSC code : BARB0ANKLES** માં જમા કરાવો અને **કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

(નોંધ : IFSC માં ચોથો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. **02690100010065**, **IFSC : BARB0CITYLT** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

(નોંધ : IFSC માં ચોથો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તબીબી સેવા સંકુલ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c તબીબી સેવા સંકુલ** ના નામે બેંક ઓફ બરોડા,અંકલેશ્વરમાં **ખાતા નંબર 02210100057121, IFSC code : BARB0ANKLES** માં જમા કરાવો અને **કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

અધ્યક્ષ શ્રી ડો. વિસ્મય એમ. મિસ્ત્રી અને શ્રી પારસ એમ મિસ્ત્રી

(નોંધ : IFSC માં ચોથો ડીજીટ ઝીરો છે..)

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૭૫૦/- રાજપીપલા નિવાસી સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી પરિવાર તરફથી નવયુગ પોર્ષ્ટીગ ચાર્જ.... હસ્તે સ્વ. જેકોરબેન તથા વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી તરફથી.

રૂા. ૫૦૦/- રાજપીપલા નિવાસી સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલીની તા. ૨૪.૧૧.૨૦૨૦ ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ થતા જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે પરિવારજનો તરફથી શુભેચ્છા ભેટ.

રૂા. ૫૦૦/- અ.સૌ. ભાવનાબેન પુષ્પકાંતભાઇ પંચોલી તા. ૩.૩.૨૦૨૦ના રોજ ૫૦ વર્ષ પુર્ણ કર્યા અને શ્રી પુષ્પકાંતભાઇ વિઠ્ઠલદાસ પંચોલી તા. ૧૯.૧૦.૨૦૨૦ના રોજ ૬૦ વર્ષ પર્ણ કરી નોકરીમાંથી નિવૃત્ત થયા તે નિમિત્તે શુભેચ્છા ભેટ.

રૂા. ૫૦૦/- રાજપીપલા (હાલ ભરૂચ)નિવાસી સ્વ. ઠાકોરભાઇ વિઠ્ઠલદાસ પંચોલીના સ્મરણાર્થે ધવલકુમાર ઠાકોરભાઇ પંચોલી તરફથી શુભેચ્છા ભેટ..

## છેલ્લી યાચના

આ છેલ્લી યાચના આપ પાસે,
મારા ઉંડા છેક અંતઃસ્તલેથી

છેદી નાંખો ક્ષીણતા સર્વે મારી
પૂરા જોરે ખડ્ગ, ઝીંકી પ્રભુજી !

સુખોનેય જીરવી જાણવાની.
શકિત દેજો દુઃખમાં એવી કે

દુઃખો મારા શાંત મોએ હસીને
પોતે પોતાની જ પામે ઉપેક્ષા.

શકિત દેજો ભકિતની નાથ એવી
જેણે મારા કર્મ સાફલ્ય પામે,

જેણે મારાં દુન્યવી સ્નેહ પ્રેમ
મ્હેકી ઉઠે પૂણ્યના પોયણાં શાં,

કંગાલોને જ્ઞાન હીણાં કરુ ના,
જાતિઓને પાય ઝુકી પડું ના,

ઉંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલે એવી શકિત આપો પ્રભુજી !

શકિત દેજો આપને પાય નામી
પોતાને હું સ્થિર રાખું સદૈવ....

**કુસુમબેન જે. પંચોલી-સુરત**

## જીવન નૈયા.....

મનને મનાવી લો, દિલને ઝુકાવી દો,
જીવન નૈયા પ્રેમે વહાવી દો..

મનના તરંગોને, દ્રઢ કરી લેજો
પવનના સંગાથે વહેવડાવી દેજો

સંબંધો મળે સાચા દિલમાં સમાવી લેજો
જીવન નૈયા પ્રેમે વહાવી દેજો..

ભવસાગર હોય ખારો, તોએ એતો લાગે પ્યારો
મળે તેને સહી લેજો, લગીરે ના કોઇને કહેશો.

જીવન નૈયા પ્રેમે વહાવી દેજો...

**પ્રતિમાબેન ડી. મિસ્ત્રી-નવસારી (પ્રિત)**




પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ | સ્વ. ચીમનભાઈ પરસોત્તમદાસ પંચોલી જબુગામ

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**